**લીંબડીના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ–લીંબડી**

**ક્રિમીનલ કેસ નં.૪૫૧/૨૦૨૨**
**આંક : ૦૬**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી :–** **શૈલેષભાઈ સુરેશભાઈ સીતાપરા,**
**રહે : ચુનારવાડ, લીંબડી, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર.**

**ગુનો:– ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫ (એએ) મુજબ.**

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫ (એએ) મુજબનો ગુનો સુરેન્દ્રનગર રેલ્વે પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અને ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ તેમના વકીલ શ્રી સાથે હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરી આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ સમજાવતા છતા પણ સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરવા આંક–૦૩ થી ગુના કબુલાત પુરશીશ આપેલ તથા આંક–૦૫ થી પ્લી નોંધેલ જેમાં તેઓએ ગુનો કબુલ રાખેલ આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ના માનવાને કોઈ કારણ નથી.

(૩) એ.પી.પી. હાજર છે અને જણાવે છે કે, આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય તેનો પહેલો ગુનો હોય તો તેમને કોઈ વાંધો નહિ. વધુમાં જણાવે છે કે, ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં ના. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નહિ.

(૪) આ કેસની હકિકત સંજોગો તથા આરોપીની કબુલાત જોતાં તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહિ

કરવા ખાતરી આપતા હોય અને આરોપીનો આ પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં તેનાથી આવા પ્રકારનો ગુન્હો નહિ થાય તેની તકેદારી રાખવાનું જણાવે છે, વધુમાં, ઉપરોકત ચુકાદાને ધ્યાને લઈ ના. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નહિ તેવું આ કોર્ટનું માનવુ હોય, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u>::**

- આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ હેઠળ **<u>ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એએ)</u>** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરૂા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની ૪૩૭–એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨–મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: લીંબડી.
તારીખ : ૧૨–૧૧–૨૦૨૨

વિકાસ સિયોલ
એડી.જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
લીંબડી.(GJ01357)